# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ચાર દિવસ રાજ્યનાં પ્રવાસે આવશે.**
2. **રાજ્ય સરકારે ગુજરાત વહીવટી સુધારણા પંચને કાર્યરત્ કરવા મંજૂરી આપી.**
3. **રાજ્યભરમાં આજે મહાશિવરાત્રિના પાવન પર્વની ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે.**
4. **આજે અમદાવાદનો 614મો સ્થાપના દિવસ , શહેરમાં પ્રથમવાર નગરદેવી ભદ્રકાળી માતાજીની નગરયાત્રા નિકળશે.**
5. **વડોદરામાં આજથી વિશ્વ સ્તરની ટેબલ ટેનિસ સ્પર્ધાનો પ્રારંભ થશે.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PREZ STATE VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ચાર દિવસ રાજ્યનાં પ્રવાસે આવશે. સુશ્રી મુર્મૂ આજે સાંજે નર્મદા એકતાનગરના હેલિપેડ ખાતેથી સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લેશે. ત્યાં પરંપરાગત આદિવાસી નૃત્ય દ્વારા વૉલ ઑફ યુનિટી ખાતે સુશ્રી મુર્મૂનું સ્વાગત કરાશે. દરમિયાન તેઓ સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં વ્યૂઈંગ ગૅલરી , પદપૂજા, પ્રદર્શનકક્ષ, લાઈટ ઍન્ડ સાઉન્ડ શૉ નીહાળશે. ત્યારબાદ રાષ્ટ્રપતિશ્રી નર્મદા ઘાટ ખાતે નર્મદા આરતીમાં પણ સહભાગી થશે.

સુશ્રી મુર્મૂ આવતીકાલે એકતાનગરમાં આવેલા આરોગ્યવન , મિયાવાકી ફૉરેસ્ટ, જંગલ સફારી , સરદાર સરોવર બંધ અને એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લેશે. આ ઉપરાંત સુશ્રી મુર્મૂ આવતીકાલે અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રપતિ 28 ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી-NFSUના ત્રીજા પદવીદાન સમારોહમાં ભાગ લેશે. એ જ દિવસે તેઓ ભુજના સ્મૃતિવન ભુકંપ સ્મારકની પણ મુલાકાત લેશે.

રાજ્યના પ્રવાસનાં અંતિમ દિવસે પહેલી માર્ચે રાષ્ટ્રપતિ મુર્મૂ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લેશે.

# VAHIVATI SUDHARNA PANCH

રાજ્ય સરકારે ગુજરાત વહીવટી સુધારણા પંચ કાર્યરત્ કરવા મંજૂરી આપી છે. સત્તાવાર યાદી મુજબ , વહીવટી સુધારણાના વિવિધ પાસાંઓ અંગે આ પંચ 2

વર્ષ સુધીમાં અભ્યાસ પૂર્ણ કરી સમયાંતરે પોતાની ભલામણ સરકારમાં રજૂ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મુખ્ય અગ્ર-સલાહકાર ડૉ. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં મુખ્યસચિવ સહિત પાંચ વરિષ્ઠ સચિવ આ પંચના સભ્ય રહેશે.

રાજ્યના વહીવટી માળખા અને કાર્ય પદ્ધતિઓમાં જરૂરી ફેરફાર કરવા રચાયેલું પંચ વિકસિત ગુજરાતનો ધ્યેય પ્રાપ્ત કરવા વહીવટી તંત્રની કાર્યક્ષમતા , અસરકારકતા અને પ્રતિભાવશીલતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે. ઉલ્લેખનીય છે કે, અંદાજપત્રમાં આ પંચ અંગેની જાહેરાત કરવામાં આવી હતી.

# MAHASHIVRATRI

રાજ્યભરમાં આજે મહાશિવરાત્રિના પાવન પર્વની ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર , દ્વારકાના નાગેશ્વર મંદિર સહિત રાજ્યના અનેક અગ્રણી શિવમંદિરોમાં મોટી સંખ્યામાં ભક્તોની સવારથી જ ભીડ જોવા મળી રહી છે.

સાંભળીએ એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ – અપર્ણા ખુંટ)

અમારાં સંવાદદાતા અપર્ણા ખુંટ જણાવે છે કે , સોમનાથ મંદિરમાં ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મહાશિવરાત્રિ નિમિત્તે સોમનાથ મંદિર આજે સવારે ચાર વાગ્યાથી સતત 42 કલાક સુધી ખૂલ્લું રહેશે.

ધાર્મિક પરંપરા મુજબ , સોમનાથ યજ્ઞશાળામાં વહેલી સવારથી જ હોમ લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આકાશવાણી સાથે વાત કરતાં

સોમનાથ મંદિરના જનરલ મૅનેજર વિજયસિંહ ચાવડાએ આ માહિતી આપી હતી. આ જ રીતે દ્વારકાના નાગેશ્વર અને જુનાગઢના ભવનાથ મંદિર સહિત રાજ્યના અન્ય મુખ્ય શિવ મંદિરોમાં પણ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા છે.

# AHMEDABAD BOARD EXAM

રાજ્યમાં આવતીકાલથી શરૂ થનારી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા માટેની તૈયારીઓને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આખરી ઓપ અપાયો છે. અમદાવાદ ગ્રામ્યનાં જિલ્લા શિક્ષણ અધિકારી કૃપા ઝાએ જણાવ્યું, આ વર્ષે દરેક કેન્દ્ર પરના CCTV કેમેરા પર નજર રાખવા પરીક્ષા દરમિયાન એક વ્યક્તિ સતત નિરીક્ષણ કરશે.

## (બાઈટ: કૃપા ઝા – શિક્ષણાધિકારી અમદાવાદ ગ્રામ્ય )

ઉલ્લેખનીય છે કે , અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારના એક લાખ 65 હજાર 986 વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. ધોરણ 10માં શહેર વિસ્તારમાં 54 હજાર 616, જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં 46 હજાર 20 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ઉપરાંત ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં શહેરી વિસ્તારમાં 29 હજાર 726 અને ગ્રામ્ય વિસ્તારમાં 21 હજાર 840 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

# NARMADA DGVCL

નર્મદાના ખેડૂતોને રાત્રિ દરમિયાન પાક ચોરી અને વન્યપ્રાણીઓથી થતી મુશ્કેલીઓને ધ્યાને રાખી દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ખેતરમાં 24 કલાક સિંગલ ફેઝ વીજ પૂરવઠો અપાયો છે.

આ અંગે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજપીપળાના નાયબ ઈજનેર ચિંતન પટેલે માહિતી આપી.

**બાઇટ: ચિંતન પટેલ (નાયબ કાર્યપાલક ઇજનેર DGVCL )**

# AMDAVAD BHADRAKALI NAGARYATRA

અમદાવાદ શહેરનો આજે 614મો સ્થાપના દિવસ છે. આજના દિવસે નગરદેવી ભદ્રકાળી માતાની નગરયાત્રા યોજાશે. શહેરની સ્થાપના બાદ પહેલી વાર યોજાનારી આ નગરયાત્રાનું સવારે સાડા 7 વાગ્યે ભદ્રકાળી માતાના મંદિર ખાતેથી પ્રસ્થાન થશે.

દરમિયાન આજે સવારે 7 વાગ્યાથી ભદ્રકાળી મંદિરથી ત્રણ દરવાજા , માણેકચોક, માંડવીની પોળ થઈને મ્યુનિસિપલ કૉર્પોરેશન કચેરી , ખમાસા, જમાલપુર દરવાજા , જગન્નાથ મંદિર , ગાયકવાડ હવેલી , રિવરફ્રન્ટ, મહાલક્ષ્મી મંદિર, લાલ દરવાજા , વીજળી ઘર તરફના તમામ રસ્તા વાહનોની અવરજવર માટે બંધ રહેશે.

આ અંગે સાંભળીએ અમદાવાદના અમારા પ્રતિનિધિનો અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ આશિષ પંચાલ)**

# DIU MACHHIMARO

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ત્રણ માછીમાર પાકિસ્તાનની જેલમાંથી મુક્ત થઈને ઘરે પરત ફરતાં પરિવાર ભાવુક બન્યો હતો. મુક્ત થયેલા માછીમારોએ પાકિસ્તાનની જેલમાં બંધ અન્ય માછીમારોને પણ છોડાવવા ભારત સરકારને અપીલ કરી હતી.

આ અંગે માછીમાર કન્વીનરે માહિતી આપી હતી.

**(બાઈટઃ છગન બામણિયા, માછીમાર કન્વીનર)**

## TABLE TENNIS-WTT YOUTH CONTENDER VADODARA

વિશ્વ સ્તરની ટેબલ ટેનિસ સ્પર્ધા આજથી વડોદરામાં યોજાશે. ચાર દિવસ ચાલનારી વર્લ્ડ ટેબલ ટેનિસ કંન્ટેન્ડર વડોદરાની આ આંતર -રાષ્ટ્રીય સ્પર્ધામાં શ્રીલંકા, કોરિયા, સંયુક્ત રાજ્ય અમેરિકા , ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ અને એન્ટિગુઆ અને બાર્બુડા સહિત આઠ દેશના સ્પર્ધકો સાથે 165 ભારતીય ખેલાડીઓ ભાગ લેશે. ભારતના ટોચના ક્રમાંકિત પેડલર અને વિશ્વના નંબર સાત અંકુર ભટ્ટાચાર્ય, સયાલી વાની અને ઉભરતી સ્ટાર દિવ્યાંશી ભૌમિક સાથે આ સ્પર્ધામાં દેશનું નેતૃત્વ કરશે.

આજે અંડર-17 અને અંડર-13 છોકરાઓ અને છોકરીઓની શ્રેણીઓમાં ભૌમિક અને અભિનંદ પ્રથિવાદી મેદાનમાં ઉતરશે. અન્ય મજબૂત ભારતીય દાવેદારમાં સિન્ડ્રેલા દાસ, તનીશા કોટેચા અને સાર્થક આર્યનો સમાવેશ થાય છે. કોરિયાના

ચોઈ જીવુક, ઇંગ્લેન્ડના રોહન દાની અને શ્રીલંકાના તાવી સમરવીરા જેવા આંતર - રાષ્ટ્રીય ખેલાડીઓને કારણે આ સ્પર્ધા રોચક બનશે.

# DANG MUSEUM

ડાંગ જિલ્લામાં આવેલું સાપુતારા સંગ્રહાલય આગામી પહેલા માર્ચથી મુલાકાતીઓ માટે બંધ રહેશે. ડાંગનાં અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે , સાપુતારા સંગ્રહાલયના નવીનીકરણ અને આધુનિકીકરણના કામના કારણે પહેલી માર્ચથી અનિશ્ચિત સમય સુધી આ સંગ્રહાલય બંધ રહેશે.

# CM VAKRTUTVA SPARDHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બાળકો અને યુવાનોમાં ભારતીય સંસ્કૃતિના આદર્શ અને મૂલ્યોને પુનઃઉજાગર થાય તે સમયની માગ હોવા પર ભાર મૂક્યો હતો. ગાંધીનગરથી રાજ્યના તમામ સરકારી, અનુદાનિત અને સેલ્ફ ફાઈનાન્સ કૉલેજના વિદ્યાર્થીઓ માટે શરૂ થયેલી ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધાનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. યુવાશક્તિના સહારે વિકસિત ભારત 2047નો તેમનો સંકલ્પ હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે , આ ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધામાં ચારિત્ર્ય નિર્માણથી રાષ્ટ્રનિર્માણ, વિકસિત ભારત સહતના વિષયને આવરી લેવાયા છે. આ ઉપરાંત આ સ્પર્ધામાં કૉલેજ, ઝૉન અને રાજ્યકક્ષાએ એમ ત્રણ કક્ષાની સ્પર્ધા પણ યોજાશે. કૉલેજકક્ષાએ 28 ફેબ્રુઆરીથી આઠ માર્ચ સુધી યોજાનારી સ્પર્ધાઓમાં પણ યુવાઓને મોટા પાયે સહભાગી થવા મુખ્યમંત્રીએ આહ્વાન કર્યું હતું.